# અમદાવાદ-દિલ્હી વાયા ગાંધીનગર હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ

## જિલ્લાના ૧૫ ગામોમાંથી આ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટનો કોરિડોર એલીવેટેડ બનશે : ૪ કલાકમાં જ દિલ્હી પહોંચાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરથી દિલ્હી હવે માત્ર ૪ જ કલાકમાં અને તે ટ્રેઈન માર્ગે પહોંચી શકાશે. આ વાત કાલ્પનિક નથી પણ આ માટે અમદાવાદ-દિલ્હી હાઈસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ થકી સાકાર થશે.

અમદાવાદ-દિલ્હી વચ્ચે આમ તો ૮૮૬ કિ.મી.નો રસ્તો છે. આ હાઈસ્પીડ રેલ કોરિડોરમાં દોડનારી ટ્રેન ૩૫૦ કિ.મી.ની પ્રતિ કલાકની ગતિએ દોડશે. જેની સરેરાશ ગતિ ૨૫૦ કિ.મી.ની રહેશે.

મળતી વિગતો પ્રમાણે આ રેલ કોરિડોર પ્રોજેક્ટ ચાર રાજ્યોમાંથી પસાર થશે જેમાં ગુજરાત ઉપરાંત હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીનો સમાવેશ થાય છે.

આ કોરિડોર રાજ્યના ૪ જિલ્લાઓમાંથી પસાર થશે. જેમાં ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા અને અરવલ્લીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લાના ૧૫ ગામમાંથી આ કોરિડોર જશે. જે ગામોમાં માધવગઢ, સાદરા, અલુવા, મુબારકપુર, પિંડારડા, પીંપલજ, પેથાપુર, રાંધેજા, વાવોલ, ઉવારસદ, અડાલજ, દંતાલી, જમિયતપુરા, ખોરજ અને કોલવડાનો સમાવેશ થાય છે.

આ કોરિડોરને લઈ તાજેતરમાં જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે એક ખાસ બેઠક સંબંધિત ગામના ખેડૂતો, ખેડૂત આગેવાનો, રેલ્વેના અધિકારીઓ તેમજ જિલ્લાના અધિકારીઓની યોજાઈ હતી. બે કલાક જેટલો લાંબો સમય આ બેઠક ચાલી હતી અને તેમાં પ્રોજેક્ટને લઈ સર્વગ્રાહી ચર્ચાઓ થઈ હતી.

મળતી વિગતો પ્રમાણે આ હાઈસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ અંગે ભારત સરકારે ૨૦૨૦માં સૈદ્ધાંતિક નિર્ણય લીધો હતો. આ પછી આ મુદ્દે ડી.પી.આર. તૈયાર કરવામાં આવ્યો હતો તેમજ સંભવિત રૂટ તૈયાર કરવામાં આવ્યો છે.

આ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આ હાઈસ્પીડ ટ્રેન માટે હાલ ૧૫ સ્ટોપેજ નિયત કરવામાં આવ્યા છે. આ ટ્રેઈનમાં પેસેન્જરની કેપેસીટી ૭૫૦ જેટલી જ રહેશે. આ ટ્રેઈન ૩૫૦ કિમી.ની ઝડપે તેનું અંતર કાપશે. ટ્રેઈનની સરેરાશ ગતિ ૨૫૦ કિ.મી. જેટલી રહેશે.

આ કોરિડોર એલીવેટેડ હશે એટલુ જ નહિ ક્યાંક ભૂગર્ભ અને બેટ ગ્રેડ પણ હશે. ગાંધીનગર જિલ્લાના રૂટને નિસ્બત છે ત્યાં સુધી સંપૂર્ણ એલિવેટેડ કોરિડોર હશે.

આ કોરિડોર બનવાથી પર્યાવરણીય કે વન્ય જીવોને કોઈ હાનિ પહોંચશે નહિ. વિમાની સેવાઓ કરતાં પણ આ કોરિડોરથી સસ્તી અને ઝડપી પરિવહન વ્યવસ્થા લોકોને ઉપલબ્ધ થશે. અમદાવાદથી આ ટ્રેઈનનું સંચાલન થશે અને તે ગાંધીનગરથી સાબરકાંઠા અરવલ્લી થઈ રાજસ્થાન પહોંચશે.

ગાંધીનગર જિલ્લામાં આ કોરિડોર એલીવેટેડ હોવાથી ખેડૂતોને કે ખેતીની બહુ જમીન સંપાદિત કરવાની નહિ થાય પરંતુ જે જમીન સંપાદન કરવામાં આવશે તેનુ વળતર યોગ્ય મળે તેની વિશેષ કાળજી લેવામાં આવશે. ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રોરેલ એલીવેટેડ રૂટ પર દોડશે હવે ગાંધીનગર-દિલ્હી હાઈસ્પીડ ટ્રેઈન પણ એલીવેટેડ રૂટ પર જ દોડતી જોવા મળશે. એલીવેટેડ રૂટને કારણે મુસાફરોને હવાઈ મુસાફરી જેવો જ અનુભવ થશે તેમજ ગાંધીનગર દર્શન અને હરિયાળી પણ જોઈ શકાશે.

આ પ્રોજેક્ટ અંગેની વિધિવત્ જાહેરાત શક્ય તેટલી વહેલી કરવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે. આ પ્રોજેક્ટ માટેના તમામ અભ્યાસો અને સર્વેની કામગીરી સંપન્ન થઈ ગઈ છે. ખેડૂતો અને ખેડૂત આગેવાનો સાથે મળેલી બેઠકમાં સાનુકૂળ પ્રતિસાદ અને સકારાત્મક અભિગમ જે બતાવવામાં આવ્યો છે તેનો પણ અભ્યાસ અને તારણોમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

# ધો. ૧ થી ૩ ના બાળકોને તેમની જ ભાષામાં ભાષા-ગણિત શીખવો : સુરભિ ગૌત્તમ



ગાંધીનગર, તા. ૧૬

ધો. ૧ થી ૩ ના બાળકો સમજ સાથે વાંચન અને સંખ્યાજ્ઞાનમાં નિપુણતા કેળવે તે માટે રાષ્ટ્રીય પહેલ મુજબ બાળકોને ભાષા અને ગણિતની વાતો તેમની ભાષામાં જ શિખવાડવામાં આવે તેવો આગ્રહ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે કર્યો હતો.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ ભારતના વિઝન અનુસાર વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં ધો. ૧ થી ૩ સુધીના તમામ બાળકો પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન પ્રાપ્ત કરે તે માટે યોગ્ય વાતાવરણનું નિર્માણ કરવા પર તેમણે ભાર મુક્યો હતો.

નિપુણ ભારત મિશનની જિલ્લાકક્ષાની બેઠકને સંબોધતાં સુશ્રી સરભિ ગૌત્તમે જણાવ્યુ હતુ કે ધો. ૧, ૨, ૩ સુધીના તમામ બાળકો પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન પ્રાપ્ત કરે તે માટેનું યોગ્ય વાતાવરણ શાળાકક્ષાએ નિર્માણ કરવા પર ભાર મુકી જણાવ્યુ હતુ કે હાલમાં રહેલ કોવિડની પરિસ્થિતિને આધીન શાળાઓમાં ચાલતા શેરી શિક્ષણમાં આ બાબત આવરી લેવામાં આવે.

તેમણે આ અંગેના આયોજન પછી સફળતા સુધી પહોંચવામાં શાળા મેનેજમેન્ટ કમિટીઓને વધુ સક્રિયતા સાથે જોડી આ જ્ઞાનયજ્ઞમાં ભાગીદાર બનાવીએ.

સુશ્રી ગૌત્તમે પ્રાથમિક શાળાઓમાં બાળકો પાયાનું શિક્ષણ મેળવે તે પૂર્વે આંગણવાડીમાં રહેલ બાળકોને પાયાની સમજ આપવામાં આવે તે જરૂરી છે. આ બેઠકમાં જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી સુશ્રી અર્ચનાબેન પ્રજાપતિ, નાયબ જિ.પ્રા.શિ.અ. ભટ્ટ, શિક્ષણ શાખાના અન્ય અધિકારીઓ, બી.આર.સી. સી.આર.સી. કોર્ડિનેટર્સ સહિત બધા હાજર રહ્યા હતા.

જિલ્લામાં ધો. ૧ થી ૩ હાલમાં ૭૫ હજાર જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યા છે. શેરી શિક્ષણને લઈ પણ જિલ્લા વિકાસ અધિકારીએ કેટલાક મહત્વના સૂચનો કર્યા હતા.

# શહેરમાં શિયાળાના આગમન જેવો માહોલ : લઘુત્તમ તાપમાન ૧૬.૫ ડિગ્રી

## નવરાત્રીના સમાપન સાથે એક જ દિવસમાં પારો સાડાચાર ડિગ્રી ગગડ્યો : શહેરમાં મચ્છરોના ત્રાસથી ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયાના કેસોમાં વધારો : ટાઈફોઈડ જેવી બિમારીઓનું પણ જોર વધ્યું

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં નવરાત્રીના સમાપન સાથે જ વાતાવરણમાં ઠંડીનું જોર વધી જતાં જાણે શિયાળાની ઋતુનું વહેલુ આગમન થઈ ગયું હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. શહેરમાં મહત્તમ તાપમાન તો ૩૫.૫ ડિગ્રી સે. નોંધાયુ છે પરંતુ લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં સાડાચાર ડિગ્રી ઘટીને ૧૬.૫ ડિગ્રી સે. પર આવી જવા પામ્યું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ જે સવારે ૭૩ ટકા નોંધાયુ હતુ તે સાંજ સુધીમાં ઘટીને ૪૬ ટકા સુધી રહેવા પામ્યું છે. શહેરમાં બેવડી ઋતુના માહોલમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ટાઈફોઈડ અને મેલેરિયા જેવા રોગોએ માથુ ઉંચક્યું છે.

શહેરમાં તા. ૧૪મી ઓક્ટોબરે લઘુત્તમ તાપમાન ૨૧.૫ ડિગ્રી સે. હતુ જે તા. ૧૫મીએ ઘટીને ૨૧ ડિગ્રી સે. નોંધાયુ હતુ. આ પછી એક જ દિવસમાં એટેલે કે તા. ૧૬મી ઓક્ટોબરે લઘુત્તમ તાપમાન ૧૬.૫ ડિગ્રી સે. સુધી ગગડી જવા પામ્યું છે. શહેરમાં મોડી રાત્રીથી માંડીને વહેલી સવાર સુધી શિયાળા જેવી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જ્યારે બપોરે ગરમીની અસર વર્તાય છે. એક તરફ ચોમાસાની ઋતુ હમણાં જ ગુજરી હોવાથી શહેરમાં મચ્છરોનું જોર વધારે છે તેથી રાત્રીના સમયે નાગરિકોને મચ્છરોથી બચવા પંખો સતત ચાલુ રાખવો પડે છે જ્યારે મધરાત પછી ઠંડી વધવાથી પંખો સહન થતો નથી પરંતુ જો પંખો બંધ કરે તો મચ્છરો ફોલી ખાય છે. આ સ્થિતિમાં નાગરિકો શરદી-કફ અને માથાના દુઃખાવાનો ભોગ બની રહ્યાં છે. બીજી તરફ શહેરમાં મચ્છરજન્ય રોગો જેવા કે ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા સહિત ટાઈફોઈડ સહિતના કેસોમાં વધારો થયેલો અનુભવાઈ રહ્યો છે. શહેરમાં દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે. આયુર્વેદમાં જેને ઋતુસંધિકાળ કહે છે તેવો બેવડી ઋતુના માહોલમાં નાગરિકો બિમારીઓનો ભોગ બની રહ્યાં છે.



# વરદાયિની માતાના પલ્લી રથથી રૂપાલ ગામ તેજોમય બન્યુ

## માતાજીના દિવ્ય પલ્લી રથ પર ઘી નો અભિષેક કરી ભાવિકોએ ધન્યતા અનુભવી : રાત્રિના ૩ :૫૦ કલાકે પલ્લી રથનુ પ્રસ્થાન થયુ : પરંપરાગત ૨૭ ચકલા ફરીને પલ્લી રથ સવારે ૬ :૧૫ કલાકે વરદાયિની મંદિર પહોંચ્યો : ભાવિકો આગામી પુનમ સુધી પલ્લી જ્યોતના દર્શન કરી શકશે



















ગાંધીનગર તા ૧૬

ભાવિકોની આસ્થાનુ કેન્દ્ર સ્થાન રૂપાલ વરદાયિની માતાના મંદિરમાં આડા દિવસે પણ દર્શનાર્થીઓની ભીડ જોવા મળે છે.જયારે નોમની રાત્રે નિકળતા દિવ્ય પલ્લી રથના દર્શન માટે રૂપાલના પલ્લી મેળામાં લાખો ભાવિકોની ભીડ ઉમટે છે. પરંતુ કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી ગ્રામજનોની હાજરીમાં જ પલ્લી રથ નિકળે છે. શુક્રવારે રાત્રિના પણ ૩ :૫૦ કલાકે માતાજીના પલ્લી રથનુ પ્રસ્થાન થયુ હતુ જયારે ગામના પરંપરાગત રૂટમાં ૨૭ ચકલા ફરીને પલ્લી રથ વરદાયિની મંદિર પહોંચ્યો હતો. આ દરમિયાન ઠેરઠેર પલ્લી રથ પર ઘી નો અભિષેક કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. ઠંડીના ચમકારા વચ્ચે રોશનીથી સુશોભિત ગામમાં ગરબાની રમઝટ પણ જામી હતી. માંઇ ભકિતના અનોખા પર્વમાં પલ્લી રથના આગમનથી આખુ ગામ તેજોમય બન્યુ હતુ.

કોરોનાના કપરા કાળમાં સંક્રમણ વધે નહીં અને ભીડ ભેગી ન થાય તેવા આશયથી રૂપાલમાં દરવર્ષે નિકળતી વરદાયિની માતાની પલ્લીને અનુલક્ષી બહારગામના ભાવિકોને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. રૂપાલની પલ્લી ને અનુલક્ષી તે મુજબનો એકશન પ્લાન તૈયાર કરાયો હતો. પલ્લીના આયોજનને ધ્યાનમાં રાખીને રૂપાલ ગામમાં જવાના તમામ માર્ગો બંધ કરી દેવાયા હતા. શક્રવારે રાત્રિના ૩ :૫૦ કલાકે સંપુર્ણ પુજા વિધીના અંતે માતાજીના દિવ્ય પલ્લી રથનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. ગત વર્ષની જેમ આ વર્ષે પણ પલ્લીમાં લાખોની ભીડ જોવા મળી ન હતી. રૂપાલમાં દર વર્ષે પલ્લી મેળાનુ આયોજન કરવામાં આવતુ હોય છે. જયારે આ મેળામાં ૧૦ લાખ જેટલા ભાવિકોની ભીડ જોવા મળે છે. પરંત આ વર્ષે ભાવિકોની ભીડ જોવા મળી ન હતી પરંતુ માતાજીનો પલ્લી રથ ગામના પરંપરાગત રૂટમાં ૨૭ ચકલામાંથી પસાર થયો હતો જયાં ઠેર ઠેર ઘીના બેરેક તેમજ ટ્રેકટરોની ટ્રોલીઓમાં ભરેલુ ઘીનો પલ્લી રથ પર અભિષેક કરવામાં આવ્યો હતો. જેના લીધે ગામમાં ઘી ની નદી વહેતી હોય તેવા દ્રશ્યો પણ સર્જાયા હતા. પલ્લી રાત્રિના ૩ :૫૦ કલાકે પ્રસ્થાન થઈ હતી. પલ્લી દરમિયાન આખી રાત મંદિર પરિસરમાં બહેનો માતાજીના ગરબે ઘુમતી નજરે પડી હતી. રોશનીથી જગમગતા નઝારા વચ્ચે ગ્રામજનોમાં પણ પલ્લી રથના દર્શન માટે ઉત્સુકતા જોવા મળી હતી. ગામમાંથી પસાર થયેલા પલ્લી રથના દર્શન કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. માતાજીનો દિવ્ય પલ્લી રથ સવારે ૬ : ૧૫ કલાકે મંદિર પહોંચ્યો હતો. જયાં ભાવિકો માટે પલ્લી જયોતના દર્શન થાય તેવી વ્યવસ્થા રાખવામાં આવી છે. ભાવિકો આગામી પુનમ સુધી આ પલ્લી રથના દર્શન કરી શકશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com